**VASHISHTHA GENESIS SCHOOL, BARDOLI**
(Academic Session: 2025-26)

| | | | | |
|---|---|---|---|---|
| Date: ________ | Class: 3 | Div: B | Roll No: ______ | Sub: 2L Gujarati |
| Name: ______________________________________ | | | Worksheet: Essay | |

# મારું ગામ

મારા ગામનું નામ બારડોલી છે. મારા ગામ પાસેથી એક નદી અને નહેર વહે છે. મારા ગામમાં એક તળાવ પણ છે.

મારા ગામમાં શાળા છે. એમાં બાળકો આનંદ થી ભણે છે. મારા ગામમાં પોસ્ટ ઓફિસ , પંચાયત ઘર , દવાખાનું છે. મારા ગામમાં એક મંદિર પણ છે. ગામમાં એક બસસ્ટેન્ડ છે.મારા ગામમાં મોટેભાગે ખેડૂત રહે છે. મારા ગામમાં ઘર પાકા અને મોટા છે. મારા ગામના રસ્તા પાકા છે.

મારા ગામમાં ખેતર પણ છે. ત્યાં ખેડૂત ખેતી કરે છે. મારા ગામના લોકો પશુપાલન પણ કરે છે. મારા ગામના લોકો સુખી છે. મારા ગામના લોકો સંપીને રહે છે.

# ચોમાસું / વર્ષાઋતુ

વર્ષની મુખ્ય ત્રણ ઋતુઓ છે: શિયાળી, ઉનાળો, ચોમાસું

ચોમાસામાં વરસાદ પડે છે, તેથી તેને વર્ષાઋતુ પણ કહે છે. વર્ષાઋતુમાં આકાશ કળા કળા વાદળાથી છવાઈ જાય છે. ઠંડો પવન ફુંકાય છે. વીજળીના ચમકારા અને વાદળાના ગડગડાટ સાથે વરસાદ તૂટી પડે છે. આથી નાનાં – મોટા સૌ આનંદમાં આવી જાય છે. મોર કળા કરીને નાચે છે. દેડકા ડ્રાઉં....... ડ્રાઉં....... કરે છે.

ખેડૂતો ખેતર ખેડે છે. તે ખેતરમાં બી વાવે છે. થોડા દિવસોમાં એ બીમાંથી લીલાછમ  છોડ ઊગી નીકળે છે. ધરતી પર પણ લીલું ઘાસ ઉગે છે. કૂવા,તળાવ નદીના પાણીથી ભરાય છે.

રક્ષાબંધન, જન્માસ્ટમી, નવરાત્રી જેવા તહેવાર ચોમાસામાં આવે છે. લોકો આ તહેવાર આનંદથી ઉજવે છે.વર્ષાઋતુ આપણને ઘણી ઉપયોગી છે. તેથી તે મારી પ્રિય ઋતુ છે.